# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-03-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી માળખાત સુવિધા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકારે રોકાણમાં લોકો, અર્થતંત્ર અને નવીનતા તેમજ માળખાગત સુવિધાઓ અને ઉદ્યોગને પ્રાથમિકતા આપી છે.

રોજગાર અંગેનાં બજેટ પછીના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે લોકોમાં રોકાણ કરવાનો ધ્યેય ત્રણ સ્તંભો શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્ય સંભાળ પર આધારિત છે

તેમણે કહ્યું કે ઘણા દાયકાઓ પછી, ભારતની શિક્ષણ પ્રણાલીમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલિમેડિસિન સુવિધાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. બજેટમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે સરકારે બજેટમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લીધાં છે. સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું વ્યાપક ભંડોળ ઉભુ કરવામાં આવ્યું છે.

ભારતના સમૃદ્ધ હસ્તપ્રત વારસાને જાળવવામાં જ્ઞાન ભારતમ મિશનના મહત્વ પર ભાર મૂકતા, શ્રી મોદીએ જાહેરાત કરી કે આ મિશન હેઠળ એક કરોડ હસ્તપ્રતોનું ડિજિટાઇઝેશન કરવામાં આવશે. આનાથી એક રાષ્ટ્રીય ડિજિટલ ભંડાર બનશે. તેમણે કહ્યું કે આ ભંડાર વિશ્વભરના વિદ્વાનો અને સંશોધકોને ભારતના ઐતિહાસિક અને પરંપરાગત જ્ઞાન અને શાણપણ સુધી પહોંચવામાં મદદ કરશે.

---------------------------------------------------------------------------------

## ગુજરાત સેમિકંડક્ટર કોન્ફરન્સ-2025:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સેમિકંડક્ટર નીતિ લાગુ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગાંધીનગરમાં ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ-2025નો પ્રારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે, ગુજરાત સેમિકન્ડક્ટરની વૈશ્વિક માગ-પુરવઠા કડીમાં મહત્વપૂર્ણ ભુમિકા માટે સજ્જ થઈ રહ્યું છે.

આ પરિષદની શરૂઆતમાં 8 સમજૂતી કરાર, સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન કોમ્પેડીયમનું વિમોચન તેમજ ધોલેરા ખાતે નિર્માણ થનારી હોસ્પિટલ, ઇન્ટરનેશનલ સ્કૂલ અને ફાયર સ્ટેશનના ઈ-ખાતમુહૂર્ત પણ કરાયા હતા. આ ત્રિ-દિવસીય પરિષદમાં દેશ-વિદેશના દોઢ હજારથી વધુ પ્રતિનિધિઓ સહભાગી થશે.

-----------------------------------------------------------------------------------

## વિધાનસભા:

વિધાનસભા ગૃહમાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે રાજ્યમાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 900 જગ્યાઓ પર આચાર્યની ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે. છેલ્લા બે વર્ષમાં 1 હજાર 996 જગ્યાઓ પર આચાર્યની ભરતી કરાઈ છે. પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ 67 લાખ 81 હજાર કરતા વધુના ખર્ચે 1 હજાર 432 પશુપાલકોને લાભ અપાયો છે. ગૃહમાં ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું કે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રાજ્યના 2 લાખ 92 હજાર હેકટર વિસ્તારમાં 687 કરોડ 80 લાખ રૂપિયાના 51 પ્રોજેક્ટ હાથ ધરાયા.

-----------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના:

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત 76 લાખથી વધુ કુટુંબોને રાજ્ય સરકાર વિનામૂલ્યે અનાજ પૂરું પાડી રહી છે. રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા NFSA

હેઠળ 3 કરોડ 72 લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ મળી રહ્યો છે. અંત્યોદય કુટુંબોને વિનામૂલ્યે ખાદ્યાન્ન પૂરું પાડવાના ઉદ્દેશથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2020માં આ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી હતી.

---

## સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી:

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની  ચૂંટણી પછી નવા પ્રમુખ ઉપ્રમુખની નિયુક્તિ થઈ છે. કચ્છ માં ભચાઉ અને રાપર નગર પાલિકાઓમાં ઉપપ્રમુખ પદ પર બે મહિલા સભ્યો નિયુક્ત થયા છે. ભચાઉમાં  ચંપાબેન અંબાવીભાઈ  ગોઠી અને રાપરમાં બબીબેન માનસંગ સોલંકીની નિયુક્તિ થઈ છે.

---

## ક્રિકેટ:

ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીના અંતિમ જંગમાં રવિવારે ભારતનો મુકાબલો ન્યુઝીલેન્ડ સામે થશે. પાકિસ્તાનમાં લાહોર ખાતેની બીજી અને અંતિમ સેમીફાઈનલમાં ન્યુઝીલેન્ડની ટીમે દક્ષિણ આફ્રિકા  ટીમને 50 રન થી હાર આપી હતી.  ન્યુઝીલેન્ડની ટીમે 6 વિકેટ ગુમાવી 362 રન કર્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 9 વિકેટના ભોગે 312 રન કરી શકી હતી. ફાઈનલ જંગ રવિવારે દુબઈ ખાતે રમાશે.

---